ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# રાજ્યમાં સોમવારથી શાળા-કૉલેજ 'અનલૉક'

**૧૧ જાન્યુઆરીથી ધો.૧૦,૧૨ અને પીજી, યુજીના છેલ્લા વર્ષનું શિક્ષણ કાર્ય શરૂ થશે, કોઈ પણ ધોરણમાં માસ પ્રમોશન આપવામાં નહિ આવે : શિક્ષણમંત્રી : શાળામાં વિદ્યાર્થીઓની હાજરી ફરજિયાત નથી, ઓનલાઈન શિક્ષણ પણ ચાલુ રહેશે, શાળામાં આવતા વિદ્યાર્થીઓના વાલીઓની સહમતી મેળવવાની રહેશે, અન્ય ધોરણ શરૂ કરવા અંગે તબક્કાવાર નિર્ણય લેવાશે**

ગાંધીનગર,તા.૬

રાજ્ય સરકાર દ્વારા શાળા અને કોલેજો શરૂ કરવા અંગે મોટી જાહેરાત કરવામાં આવી છે. આગામી ૧૧ જાન્યુઆરીથી શાળા અને કોલેજો શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. રાજ્યના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આ અંગે જાહેરાત કરી છે.

આજે મળેલી કેબિનેટની બેઠકમાં શાળા અને કોલેજો શરૂ કરવા અંગે નિર્ણય લેવાયો છે. કેન્દ્ર સરકારની કોરોનાની ગાઈડલાઈન મુજબ શાળાઓ શરૂ કરવા માટે રાજ્ય સરકારે તૈયારીઓ શરૂ કરી દીધી છે. ધોરણ ૧૦ અને ૧૨, પીજી, યુજીના છેલ્લા વર્ષનું શિક્ષણ કાર્ય શરૂ થશે.



રાજયના શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ કેબિનેટની બેઠક બાદ જાહેરાત કરી છે કે, રાજ્ય સરકારે ધોરણ ૧૦અને ધોરણ ૧૨દ્રક્ન વર્ગ ૧૧ જાન્યુઆરીથી શરૂ કરવાનો નિર્ણય લીધો છે. સાથે જ ઓનલાઇન શિક્ષણ પણ ચાલુ રહેશે. આગામી અન્ય ધોરણોના કલાસ શરૂ કરવા અંગે તબક્કાવાર નિર્ણય લેવામાં આવશે અને સરકાર દ્વારા તેની જાહેરાત કરવામાં આવશે.

શિક્ષણ મંત્રીએ કહ્યું કે, શાળામાં વિદ્યાર્થીઓની હાજરી ફરજિયાત નથી. નિયમોના પાલનની જવાબદારી અધિકારી, આચાર્યની રહેશે. અન્ય ધોરણો અંગે પણ તબક્કાવાર નિર્ણય લેવામાં આવશે. સાથે જ વાલીઓએ સંમત્ત પત્ર આપવો પડશે. ધોરણ-૯-૧૦-૧૧-૧૨દ્રકન વર્ગો ઓડ ઈવન સિસ્ટમથી શરૂ થશે. વિદ્યાર્થીઓના વાલીઓએ કે માતા-પિતાની સંમત્તિ લેવી ફરજિયાત છે. જો કોઈ વાલી પોતાના વિદ્યાર્થીને સ્કૂલમાં મોકલવામાં ના માંગતો હોય તો તેના માટે ઓનલાઈન શિક્ષણ વર્ગ પણ ચાલુ રહેશે.

આજે મુખ્યમંત્રી વિજય રૂપાણીની અધ્યક્ષતામાં કેબિનેટ બેઠક યોજાઈ હતી. જેમાં ગુજરાતભરમાં સ્કૂલો શરૂ કરવા અંગે મોટો નિર્ણય લેવાયો છે. આ વિશે શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા એ કહ્યું કે, ૧૧ જાન્યુઆરીથી ધોરણ ૧૦ અને ૧૨ તથા પોસ્ટ ગ્રેજયુએટ, અંડર ગ્રેજયુએટનું શિક્ષણ ચાલુ કરવાનો નિર્ણય કરાયો છે. આ નિર્ણય ગુજરાત રાજયના તમામ બોર્ડ, સ્વનિર્ભર, ગ્રાન્ટેડ, નોન ગ્રાન્ટેડ શાળાઓને લાગુ પડશે. તો સાથે જ ધોરણ ૩ થી ૯ સુધીના વિદ્યાર્થીઓની પરીક્ષા લેવાશે. આ વિદ્યાર્થીઓને માસ પ્રમોશન નહિ અપાય. આ અંગે કેન્દ્ર સરકારની એસઓપીનો રાજય સરકારે વિચાર કર્યો. તમામ એસઓપી તમામ સંસ્થાઓને મોકલી આપવામાં આવી છે. ત્યારે શાળાઓએ તમામ એસઓપીનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. સોશિયલ ડિસ્ટન્સિંગ, માસ્ક, સ્વચ્છતાનું પાલન કરવાનું રહેશે. આ સાથે વિદ્યાર્થીઓને માસ પ્રમોશન નહિ મળે તેવી પણ જાહેરાત ગુજરાત સરકાર દ્વારા કરાઈ છે. જેથી ગુજરાતમાં કોઈ પણ ધોરણમાં માસ પ્રમોશન આપવામાં નહિ આવે.

● અનુસંધાન પાન-૭ પર

# ગુડાના બજેટમાં ૩૮૭.૧૯ કરોડના કામોની જોગવાઈ

ગાંધીનગર, તા. ૬

ગુડાની આજે મળેલી બોર્ડ બેઠકમાં વર્ષ-૨૦૨૧-૨૨ના નાણાંકીય વર્ષને અનુલક્ષી કુલ રૂ. ૪૧૭.૬૬ કરોડની આવક તેમજ રૂ. ૩૮૭.૧૬ કરોડના ખર્ચના અંદાજ સાથે રૂ. ૩૦.૪૭ કરોડની પુરાંતવાળુ અંદાજપત્ર રજુ કરવામાં પુરાંતવાળુ અંદાજપત્ર રજુ કરવામાં આવ્યુ છે.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા ઓછી આવક ધરાવતા વર્ગને પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ગુડાની વિવિધ નગર રચના યોજના સરગાસણ, વાવોલ અને પેથાપુરમાં કુલ ૨૧૦૦ માટે

**પ્રધાનમંત્રી આવાસ યોજના, સ્ટ્રોમ વોટર લાઈન, રસ્તા અને સ્ટ્રીટ લાઈટના કામોનુ આયોજન**

આવ્યુ હતુ. જેમાં મુખ્યત્વે પ્રધાનમંત્રી આવાસ યોજના, સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, સ્ટ્રોમ વૉટર લાઈન, રસ્તા અને સ્ટ્રીટલાઈટના કામોને અનુલક્ષી ખર્ચનું આયોજન કરવામાં આવ્યું છે.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળના નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટે સુચિત અંદાજોમાં કુલ રૂ. ૪૧૭.૬૬ કરોડની આવક તથા રૂ. ૩૮૭.૧૯ કરોડના ખર્ચના અંદાજો સાથે રૂ. ૩૦.૪૭ કરોડની રૂ. ૧૨૮.૬૨ કરોડની જોગવાઈ કરી છે. તદ્ ઉપરાંત અન્ય નગર રચના યોજનાઓ જેવી કે ૧ ટી.પી. સ્કીમ નં. ૦૯ સરગાસણ, ટી.પી. સ્કીમ નં. ૦૯ વાસણા હડમતીયા તથા ટી.પી. સ્કીમ નં. ૧૩ વાવોલમાં આવાસ આયોજન હેઠળ છે. જેના માટે રૂ. ૩૦.૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા ગુડા વિસ્તારની વિવિધ નગર રચના યોજનામાંથી ગટરનું પાણી એકઠું કરી પર્યાવરણ સંરક્ષણ હેતુથી અદ્યતન ટેકનોલોજીવાળો ૬૫ એમ.એલ.ડી. ક્ષમતાવાળો સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવામાં આવશે. જે અંતર્ગત ૩૯.૦૦ કરોડની જોગવાઈ કરી છે. વધુમાં ટી.પી. સ્કીમ નં. ૦૩ ખાતે ડ્રેનેજ પંપીંગ સ્ટેશન બનાવવાનો અંદાજે રૂ. ૫.૦૦ કરોડ જોગવાઈ છે. ઉપરાંત અન્ય ગટર વ્યવસ્થાના ચાલુ કામો માટે રૂ. ૧૬.૬૨ કરોડના કામો મળીને કુલ રૂ. ૬૦.૬૨ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

ગુડા દ્વારા નગરરચના યોજનામાં તથા સમાવિષ્ટ ગામોની જનતાને નર્મદાનું પીવાનું શુદ્ધ પાણી મળી રહે તે હેતુસર કુલ રૂ. ૯.૩૨ કરોડની જોગવાઈનો સમાવેશ કરવામાં આવ્યો છે.

આ ઉપરાંત વિવિધ નગર રચના યોજનામાં વરસાદી પાણીનો નિકાલ કરી સુચારૂ વ્યવસ્થાને નુકશાન થતું અટકાવવાના હેતુથી

● અનુસંધાન પાન-૭ પર

## આવતીકાલે જિલ્લાના ૧૨ કેન્દ્રો પર કોવિડ વેક્સીનેશનનો વધુ એક ડ્રાયરન ટેસ્ટ યોજાશે

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લામાં ૮મી જાન્યુઆરીના રોજ વધુ એકવાર કોવિડ વેકસીનેશન અંગેનો ડ્રાય રન ટેસ્ટ યોજાશે.

જિલ્લાના મુખ્ય આરોગ્ય અધિકારી મનુભાઈ સોલંકી અને ડૉ. હરેશ નાયકે જણાવ્યુ હતુ કે આ બીજા વખતના ડ્રાય રન ટેસ્ટ માટે જિલ્લાના ૧૨ કેન્દ્રો પર યોજવામાં આવશે. જિલ્લાના ચારેય તાલુકામાંથી આ અંગે હાલ ૩-૩ કેન્દ્રોની પસંદગી કરવામાં આવી છે.

બન્ને અધિકારીઓએ જણાવ્યુ હતુ કે આજે આ સંદર્ભે આ ૧૨ કેન્દ્રોના અધિકારીઓને અપાયેલી તાલિમ પછી રિફ્રેશ તાલિમ પણ અપાઈ હતી. ૭મીના રોજ આ કેન્દ્રો પર તૈયારીઓ કરવામાં આવશે અને ૮મીના રોજ ડ્રાય રન ટેસ્ટ યોજાશે. તાલુકા મથકોએ વેકસીનેશન પહોંચાડવામાં તેમજ રિએકશનમાં જરૂર પડ્યે હોસ્પિટલાઈઝેશનમાં કેટલો સમય લાગે છે તે પણ આ ડ્રાય રન ટેસ્ટથી ખબર પડશે. જિલ્લામાં કોવિડ વેકસીનેશન અંગેની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી હોવાનું પણ તેમણે સ્વીકાર્યુ હતુ. જે કેન્દ્રો પસંદ કરવામાં આવ્યા છે તેમાં ગાંધીનગર તાલુકામાં છાલા, ટીંટોડા અને એપોલો હોસ્પિટલ, માણસામાં સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલ, પુંધરા અને લોદરા આરોગ્ય કેન્દ્રો, દહેગામમાં પાલુન્દ્રા, અમરાજીના મુવાડા તેમજ રખિયાલ સામુહિક આરોગ્ય કેન્દ્ર, કલોલમાં ડીંગુચા સી.એચ.સી., આદર્શ હોસ્પિટલ અને કલોલ અર્બન-૧નુ અર્બન હેલ્થ સેન્ટર પર આ ડ્રાય રન ટેસ્ટ યોજવામાં આવશે. આ ડ્રાય રન ટેસ્ટમાં ૩૦૦ જેટલા લાભાર્થીઓને બોલાવવામાં આવશે અર્થાત દરેક કેન્દ્ર પર ૨૫ લાભાર્થીને બોલાવવામાં આવશે. આ લાભાર્થીઓને એસ.એમ.એસ.થી જાણ પણ કરવામાં આવશે.

સવારે નવ વાગ્યાથી આ ડ્રાય રન ટેસ્ટ યોજવામાં આવશે. આ બન્ને અધિકારીઓએ જણાવ્યુ હતુ કે ડ્રાય રન ટેસ્ટ ખુબજ મહત્વનો છે. ગત વખતે યોજાયેલ ડ્રાય રન ટેસ્ટના અનુભવ પછી સોફ્ટવેરની કેટલીક દુરસ્તી કરવામાં આવી છે. વેકેસીનેસન પૂર્વે યોજાયેલ આ ડ્રાય રન ટેસ્ટ મહત્વો પુરવાર થશે તેમ પણ તેમણે સ્વીકાર્યુ હતુ.

# સરગાસણ-કુડાસણમાં ગુડા દ્વારા પ્લોટોની હરાજી કરાશે

**ગુડા પ્રથમવાર સરગાસણ અને કુડાસણમાં રહેણાંક અને કોર્મશિયલના પ્લોટની હરાજી કરશે : આગામી તા ૧૦ ફેબ્રુઆરીના રોજ ઇ ઓકશનની પ્રક્રીયા હાથ ધરાશે : અન્ય ઓથોરિટીની જેમ ગુડા પણ હવે પ્લોટની હરાજી કરી આવક ઉભી કરશે**

ગાંધીનગર તા ૬

ગુડા દ્વારા પ્રથમવાર પ્લોટની હરાજીની પ્રક્રીયા હાથ ધરાશે. ગુડાએ સરગાસણ અને કુડાસણમાં બે પ્લોટની હરાજી માટે આયોજન કર્યુ છે. આગામી ૧૦ ફેબ્રુઆરીના રોજ સરગાસણ અને કુડાસણમાં પ્લોટને અનુલક્ષીને ઈ ઓકશનની પ્રક્રીયા હાથ ધરાશે. સરગાસણમાં રહેણાંક અને કુડાસણમાં કોર્મશિયલ હેતુને અનુલક્ષીને પ્લોટની હરાજી કરાશે. હરાજીની પ્રક્રીયાના અંતે યોગ્ય પ્રતિસાદ મળશે તો આગામી સમયમાં અન્ય પ્લોટની હરાજી માટે પણ આયોજન કરવામાં આવશે. અન્ય ઓથોરિટીની જેમ પ્લોટની હરાજી કરીને ગુડા આવક ઉભી કરશે.

શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા પ્રથમવાર બે પ્લોટની હરાજી કરવાનુ આયોજન કરવામાં આવ્યુ છે. ઈ ઓક્શનના માધ્યમથી ગુડા દ્વારા એક કોર્મશિયલ તેમજ એક રહેણાંક પ્લોટની હરાજી કરાશે. ગુડા દ્વારા અન્ય ઓથોરિટીની જેમ હવે હરાજીની પ્રક્રીયા હાથ ધરવામાં આવશે. પ્રથમવાર આ બન્ને પ્લોટની હરાજીના અંતે સારો પ્રતિસાદ મળશે તો આગામી દિવસોમાં બીજા પ્લોટની પણ હરાજી કરવા માટે આયોજન કરાશે. ગુડા વિસ્તારમાં વિકાસના અનેકવિધ પ્રોજેકટના કામો હાથ ધરવામાં આવે છે. એકબાજુ વિકાસના અવનવા કામો ઉપરાંત માળખાકીય સુવિધાઓ ઉભી કરવા માટે પણ પાણી , ગટર અને રસ્તા સહીત સ્ટ્રીટ લાઈટની કામગીરી પણ હાથ ધરવામાં આવે છે. આ ઉપરાંત ગુડના નવા વિકસિત ટીપી વિસ્તારમાં નર્મદાનુ પાણી પહોંચતુ કરવા પણ પાઈપલાઈન સહીતની કામગીરી પણ ટુંકમાં હાથ ધરાશે. ત્યારે ગુડા વિસ્તારમાં વિકાસને વેગ આપવા માટે ફંડ ઉભુ થાય તે પણ અનિવાર્ય હોવાનુ સુત્રોએ જણાંવ્યુ છે. ગુડા વિસ્તારમાં નવા આવાસો બાંધવા માટે પણ આયોજન કરવામાં આવ્યુ છે. આવા સંજોગોમાં ગુડા દ્વારા હવે આવકના નવા રસ્તાઓ ઉભા કરવા માટે પણ આયોજન કરાયુ છે. જેને અનુલક્ષીને અન્ય ઓથોરિટીની જેમ ગુડા દ્વારા હવે પ્લોટની હરાજી કરવા માટે આયોજન કરવામાં આવ્યુ છે. આગામી તા ૧૦ ફેબ્રુઆરીના રોજ બપોરે ૧૨ કલાકે અને સાંજે ૪ કલાકે હરાજીની પ્રક્રીયા હાથ ધરાશે. ગુડા દ્વારા જે બે પ્લોટની હરાજી

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં ૯, ગ્રામ્ય વિસ્તારમાં નવા ૧૦ કેસ

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના કેસોમાં ઘટાડાના ટ્રેન્ડ વચ્ચે કેસોની સંખ્યામાં સતત ચડાવ-ઉતાર જોવા મળતાં તંત્રની ચિંતા વધી છે. જિલ્લામાં આજે કોરોનાના વધુ ૧૯ કેસ નોંધાયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે માણસાના એક દર્દીનું સારવાર દરમ્યાન મોત થયુ છે. ગ્રામીણ વિસ્તારમાં મૃત્યુદર થોડોક વધુ છે. આજે થયેલા મોતથી તંત્રમાં શોકની લાગણી પ્રસરેલી જોવા મળી હતી.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંય ખાસ કરીને ગાંધીનગર તાલુકામાં કોરોના પર કાબુ મેળવવામાં હજુ તંત્રને ધારી સફળતા મળી નથી. આજે નોંધાયેલા ૧૦ કેસમાંથી ૬ કેસ ગાંધીનગર તાલુકાના ગ્રામ્ય વિસ્તારના છે જ્યારે ૪ કેસ દહેગામ તાલુકામાંથી મળી આવ્યા છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં ૩ મહિલા, બે વિદ્યાર્થી તેમજ આધેડ અને મોટીવયના દર્દીઓ પણ છે. ગ્રામ્ય વિસ્તારમાંથી આજે બે દર્દીને સઘન સારવાર જરૂરી જણાતાં તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

ગાંધીનગર તાલુકામાં આજે વાસણા-હડમતિયા, વાવોલ, કુડાસણ, રાયસણ, આલમપુર અને સરગાસણ ગામેથી કેસો મળી આવેલ છે.

દહેગામ અર્બન વિસ્તારમાંથી આજે બે કેસ મળી આવેલ છે આ ઉપરાંત હાલીસા અને નાંદોલ ગામેથી પણ કેસો મળી આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ હતુ કે આજે વધુ ૧૨ દર્દીને રિકવરી પ્રાપ્ત થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જિલ્લામાં આ સાથે ૩૭૭૫ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

જિલ્લામાં હાલ ૮૫ એક્ટીવ કેસ તરીકે દર્દીઓ સારવાર હેઠળ છે જેમાં ૬૫ જેટલા દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૭૦૬૮ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે.

**ગાંધીનગર તાલુકામાં ૬ અને દહેગામમાં ૪ કેસ નોંધાયા : સે. ૭ માં ૨ કેસ સહિત ૯ કેસ નોંધાયા : ૨૨ ને ડિસ્ચાર્જ કરાયા**

ગાંધીનગર શહેરમાં ઘટાડાનો ટ્રેન્ડ યથાવત રહેવા પામ્યો છે. આજે નવ કેસ કોરોનાના મળી આવેલ છે.

શહેરમાં રિકવરી રેટ સારો હોવાથી તંત્રને રાહત છે. આજે નોંધાયેલા નવ કેસમાંથી ૬ મહિલા દર્દીઓ નોંધાઈ છે.

● અનુસંધાન પાન-૭ પર

## સ્વર્ણિમ સંકુલ-૧માં વધુ ૮ કર્મયોગી કોરાના પોઝીટીવ

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગરના સૌથી મોટા વહીવટીય સંકુલ સરદાર પટેલ ભવનના સ્વર્ણિમ સંકુલ-૧ માંથી આજે વધુ ૮ કર્મયોગીઓનો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

સ્વર્ણિમ સંકુલમાં મુખ્યમંત્રીના કાર્યાલયમાંથી ૮ કેસ મળી આવ્યા બાદ હરકતમાં આવેલા તંત્રએ ગઈકાલે ૪૦ થી વધુ કર્મયોગીના નમૂના લઈ અને તપાસ હાથ ધરી હતી. આજે આ ટેસ્ટનું પરિણામ આવી ગયુ છે જેમાં ૮ કર્મયોગીઓનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

૮ કર્મચારીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. તંત્રએ ગઈકાલે સ્વર્ણિમ સંકુલના ત્રીજા અને ચોથા માળે સેનીટાઈઝેશન સહિતની કામગીરી કરી હતી તેમજ ત્રીજા અને ચોથા માળે આવતા તમામનુ થર્મલ સ્ક્રીનીંગ પણ કરવામાં આવી રહ્યું છે.

સ્વર્ણિમ સંકુલમાં બે દિવસમાં જ ૧૯ કેસ આવતાં સચિવાલય સંકુલમાં આજે પણ સન્નાટો વ્યાપેલો જોવા મળ્યો હતો. સ્વર્ણિમ સંકુલમાં મુલાકાતીઓની સંખ્યામાં પણ ધરખમ ઘટાડો નોંધાયો છે.

જે રીતે સચિવાલયના સ્વર્ણિમ સંકુલમાં કેસો સામે આવ્યા છે તેને પગલે સચિવાલયના સંકુલમાં હવે થર્મલ સ્ક્રિનીંગ પણ સઘન બનાવવામાં આવ્યુ છે. સચિવાલયના ફિટનેસ સેન્ટર ખાતે એન્ટીજન ટેસ્ટ માટેનું સેન્ટર પણ હાલ કાર્યરત છે.



શિયાળાની સવાર - શહેરમાં શિયાળાની સવારે મોર્નિંગ વૉકર્સની સંખ્યા નોંધપાત્ર રીતે વધતી જાય છે... શુદ્ધ અને તાજી હવાની સાથોસાથ સ્વાસ્થ્ય માટે પણ ચાલવાનું એટલું જ લાભપ્રદ છે... ખાસ કરીને ગાંધીનગરમાં સરિતા ઉદ્યાન, પુનિત વન અને ઈન્દ્રોડા સર્કલની આસપાસ ખૂબ જ મોટા પ્રમાણમાં નાગરિકો ચાલવા આવે છે...

# ગાંધીનગર ડેપોમાં ગઠીયાઓ ફરી એકિટવ થયા મોબાઈલ અને પાકીટની ઉઠાંતરી

ગાંધીનગર તા ૬

ગાંધીનગર એસ ટી ડેપોમાં લાંબા સમયના અંતે હવે મુસાફરોની વિશેષ અવરજવર જોવા મળી રહી છે. કોરોના કાળ દરમિયાન આમ નાગરિકોએ પણ એસ ટી નો ઉપયોગ કરવાનુ ટાળ્યુ હતુ ત્યારે હવે શહેરી બસ સહીત બહારગામના રૂટોની બસમાં પણ ટ્રાફિક જોવા મળી રહ્યો છે. ત્યારે ડેપો સંકુલમાં ખિસ્સાકાતરુઓ પણ સક્રીય થઈ ગયા છે. ડેપો સંકુલમાં મુસાફરો ફરીથી પીક ડેપોથી પોઈન્ટની બસ સેવા ઉપરાંત શહેરી બસ સેવા અને બહારગામના રૂટોની વિવિધ બસો દોડાવામાં આવી રહી છે. જયારે એસ ટી ની વોલ્વો બસ પણ રૂટમાં શરૂ કરી દેવામાં આવી છે. આવા સંજોગોમાં એસ ટી બસમાં

**કોરોના કાળમાં એસ ટી બસના પૈડા માંડ ટ્રેક પર ફરતા થયા ત્યાં ગઠીયાઓ ખિસ્સામાં હાથ સેરવી પલાયન થતા મુસાફરોમાં પ્રબળ રોષની લાગણી**

પોકેટીંગનો ભોગ બની રહ્યા છે. બે દિવસ અગાઉ જ એક ગઠીયો મુસાફરના ખિસ્સામાંથી મોબાઈલ તેમજ પાકીટની ઉઠાંતરી કરી પલાયન થઈ ગયો હતો.

ગાંધીનગર એસ ટી ડેપોમાં સલામત સવારીના પૈડા માંડ ટ્રેક પર દોડતા થઈ ગયા છે ત્યારે કોરાના કાળમાં એસ ટી નો ઉપયોગ કરવાનુ ટાળતા મુસાફરો હવે ધીમે ધીમે એસ ટી બસમાં અપડાઉન કરવા તરફ વળ્યા છે. ત્યારે એસ ટી ની આવકમાં પણ હવે વધારો થઈ રહ્યો છે. અત્યાર સુધી ગાંધીનગર એસ ટી ડેપોની આવકમાં પણ ૭૦ ટકા જેટલો ઘટાડો થયો હતો. હાલ ગાંધીનગર અપડાઉનકર્તાઓની સંખ્યા પણ વધી છે. બીજીતરફ બહારગામના રૂટોની બસોને પણ ટ્રાફિક મળી રહ્યો છે. કોરોના કાળમાં ખાલીખમ ભાસતા એસ ટી ડેપોમાં મુસાફરોની અવરજવર જોવા મળી રહી છે. જયારે આ સ્થિતિ વચ્ચે ડેપો સંકુલમાં અગાઉની જેમ પીક પોકેટીંગના બનાવો પણ વધી રહ્યા છે. પીક પોકેટીંગ સહીત મોબાઈલ ચોર ગઠીયાઓ પણ એકટીવ થઈ ગયા છે. બે દિવસ અગાઉ પણ ડેપોમાં બસમાં ચઢતા મુસાફરના ખિસ્સામાંથી પાકીટની ઉઠાંતરી થઈ હતી જયારે કોઈ જાણભેદુ ગઠીયો મોબાઈલ ચોરી

● અનુસંધાન પાન-૭ પર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
Kisan
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com